સ્વામી ઘનશાયમ જીવનદાસજી(SGJ) કોલેજ બી.બી.એ.,બી.સી.એ. અને બી.એ. દ્વારા ગુજરાત ગૌરવ "શ્રેષ્ઠ શિક્ષક 2023નાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા" પ્રો.ઝંખના મહેતા મેડમ અને સ્ટાર્ટ-અપ નિષ્ણાંત પ્રો.ઉર્વીશ સોની સાહેબનો "એક્સપર્ટ ટોક"નું આયોજન કરવામાં આવ્યું.
ઉપરોક્ત કાર્યક્રમમાં સ્વામિનારાયણ ગુરુકુળનાં અધ્યક્ષ પૂજ્ય શાસ્ત્રી સ્વામી કૃષ્ણ જીવનદાસજીએ પોતાનાં આશીર્વચન પાઠવ્યા હતા.એસ.જી.જે.કોલેજ કોડાય ગુરુકુલ દ્વારા યોજાયેલાં એક્સપર્ટ ટોકમાં ભારતનાં રાષ્ટ્રપતિ મહામહિમ દ્રૌપદી મૂર્મૂજીનાં વરદ હસ્તે બેસ્ટ ટીચરનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનારાં અને ગુજરાતનાં એન્જીનીયરીંગ શિક્ષણ ક્ષેત્રનાં આવાં પ્રથમ વ્યક્તિનું બહુમાન મેળવનાર પ્રો.ઝંખના મહેતા જી,ગુજરાત સરકાર પ્રોજેકટ & ઇનોવેશન લેબનાં સ્થાપક પ્રો.ઉર્વીશ સોની સાહેબ,કચ્છનાં પ્રથમ રજીસ્ટર્ડ થઈ રહેલા સ્ટાર્ટ અપ "ધ વ્હાઇટ ફાયર ઇનોવેશન"નાં સ્થાપક અને સી.ઇ.ઓ.માસ્ટર મોર્તઝા,કચ્છ શિક્ષણ જગતનાં જ્ઞાન જ્યોર્તિધર સ્ટુડન્ટસ સ્ટાર્ટ અપ ઇનોવેશન પોલિસી કચ્છ યુનિવર્સિટીનાં ચીફ નોડલ ઓફિસર અને કોલેજના નિર્દેશક શ્રી બિનુકુમાર પિલ્લાઈ સાહેબ તથા કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી આશિષ જેઠવા મંચસ્થ રહ્યાં હતાં. પ્રો.ઝંખના મહેતાજી દ્વારા યુવાવસ્થામાં સફળતા માટે નિશ્ચિત ધ્યેયથી કાર્ય કરી આયોજનબદ્ધ રીતે આગળ વધવાની શીખ તેમજ સમસ્યાઓની યાદી બનાવી તેનું નિરાકરણ માટે નવાં વિચારો જ સ્ટાર્ટ અપની સફળતાનું મૂળ સિદ્ધાંત છે તેવી શીખ આપવામાં આવી હતી.શ્રી ઉર્વીશ સોની સાહેબ દ્વારા વિદ્યાર્થી જીવનમાં સફળતા માટે ક્રિએટીવીટી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની શીખ આપવામાં આવી હતી.કોલેજનાં નિર્દેશક શ્રી બિનુકુમાર પિલ્લાઈ સાહેબ દ્વારા યુવાધનને બૌદ્ધિક જાગૃતિ વિકસિત કરી રાષ્ટ્રપ્રેમ સાથે જીવનમાં આગળ વધવા કંઈક નવી શીખ આત્મસાત કરવાં ભાર મૂકાયું હતું.